# NATVERLAL PRANSHANKER JOSHI

**M.A., M.Ed.**

25468686
✆ : ~~364656~~

12, Nikunj Society,
Near Sardar Patel Hospital,
Rambag, (Maninagar),
AHMEDABAD-380 028.


સોમવાર
Date જાન્યુઆરી, ૧, ~~19~~ ૨૦૦૭

આદરણીય શ્રી.
વિપિનભાઈ જે. દીવાન
અધ્યક્ષશ્રી,
પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ ટ્રસ્ટ,
કાંકરિયા, અમદાવાદ-૨૨.

મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓ અને સરદાર પટેલના સાથી સ્વાતંત્ર્ય સેનાનીઓ એવા માનનીય શ્રી. જીવણલાલ દીવાન અને બળવંતરાય ઠાકોર જેવા સમાની માનવસિંહો દ્વારા જાન્યુઆરી ૬, ૧૯૦૮ ના રોજ સ્થપાયેલી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ જે આજે દીવાન-બલ્લુભાઈ માધ્યમિક શાળાના નામે માત્ર અમદાવાદની જ નહિ પણ ગુજરાતની એક અતિપ્રતિષ્ઠિત સંસ્થા-શિક્ષણસંસ્થા-તરીકે તેના શતાબ્દિવર્ષમાં પ્રવેશે છે ત્યારે આ શાળાના વિદ્યાર્થી-શિક્ષક હોવાનું ગૌરવ અનુભવતા નાના-મોટા સૌના દિલમાં શાળા પ્રત્યેનો મમતાભર્યો અહોભાવ પ્રકટતો હશે.

સમર્થ સંસ્થાપકોએ સ્થાપેલી અને વિકાસના માર્ગે વહાવાયેલી શાળાને તેમના અનુગામી સન્નિષ્ઠ આચાર્યો શ્રી. ઠાકોરભાઈ ઠાકોર અને શ્રી વિક્રમભાઈ દેસાઈએ કાળજીપૂર્વકના અથાક પ્રયત્નો દ્વારા પ્રગતિના માર્ગે વાળી. શાળાના આદ્યસ્થાપકોના સ્વમાન અને નીડરતાનો વારસો તેમના અનુગામી એ આચાર્યોએ જાળવી શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણને સમર્પિત શિક્ષકો તૈયાર કરવામાં પણ ભારે જહેમત ઉઠાવી.

આવા સમર્પિત શિક્ષકો દ્વારા તૈયાર થયેલા અનેક વિદ્યાર્થીઓએ સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં વિકસતા રહી શાળાને ગૌરવાન્વિત કરી છે અને શાળાની પ્રતિષ્ઠાની મૂડીમાં વધારો થતો રહ્યો છે એ શાળાના શતાબ્દિવર્ષમાં એક સુભગ સંયોગ બની રહે છે.

શાળાના આ ભૂતપૂર્વ વિદ્યાર્થીસમૂહે પોતાનું ઋણ અદા કરવાના પ્રસંગોએ શાળામાં હરખભેર દોડી આવી પોતાની ફરજ બજાવી છે એ પણ શાળાના ઇતિહાસનું એક ઉજ્જવળ પાનું છે.

શ્રી વિક્રમભાઈ દેસાઈ અને શ્રી. ઠાકોરભાઈ ઠાકોર જેવા સમર્થ આચાર્યોની હૂંફ અને પ્રેમભરી લાગણીનો લાભ લેવાની મને મળેલી તક મારા શિક્ષકજીવનના ઘડતરનું પોત વધારે દૃઢ બનાવ્યાનો આનંદ અને ગૌરવ આજે પણ મારામાં રહેલા શિક્ષકના મન અને હિંમતને અહોભાવથી ભરી દે છે.

શ્રી વિક્રમભાઈના સાનિધ્યમાં એલિસબ્રિજ શાળામાંનાં ૧૪ વર્ષ અને શ્રી. ઠાકોરભાઈના સાનિધ્યમાં કાંકરિયા શાળામાંના ૧૨ વર્ષ મળી કુલ ૨૬ વર્ષમાં મને સોંપાયેલ શિક્ષક, નિરીક્ષક અને આચાર્યની કામગીરી અને ફરજોને હું પૂરી નિષ્ઠા, વફાદારી અને પ્રામાણિકતાપૂર્વક નિભાવી શક્યો એનું તમામ શ્રેય મારા ઘડતરમાં પ્રેમભરી હૂંફ અને લાગણીપૂર્વક રસ લઈ મારું ઘડતર કરનાર એ બન્ને સમર્થ આચાર્યોને છે એમ સ્વીકારતાં હું અત્યંત ગૌરવ અનુભવું છું.